આંદોલનકારીઓએ પોલીસને શહેરના ખુણે ખુણે દોડાવી

શોષણ પ્રતિકાર સંમેલનને તંત્રએ મંજુરી ન આપી છતા મોટી સંખ્યામાં કર્મચારીઓએ હાજરી આપી પ્રચંડ વિરોધ નોંધાવ્યો : પાટનગરમાં ખડકી દેવાયેલી ચાર જિલ્લાની પોલીસે સવારથી બપોર સુધીમાં અલગ અલગ સ્થળેથી ૧૫૫૧ કર્મચારીઓની અટકાયત કરી : સાંજે તમામને મુક્ત કર્યા

ગાંધીનગર, તા. ૨૭

પાટનગરમાં આજે પગાર મામલે વર્ષોથી સરકાર દ્વારા કરવામાં આવતા શોષણના વિરોધ પ્રદર્શન કરવા આંગણવાડી કર્મચારી, હેલ્પર બહેનો, મધ્યાહન ભોજન સંચાલકો અને આશા વર્કરો ઉપરાંત કોન્ટ્રાક્ટ પરના કર્મચારીઓએ શોષણ પ્રતિકાર સંમેલનનું આયોજન કર્યું હતું. વિધાનસભા ચાલુ હોવાથી સંમેલનની મંજુરી તંત્ર દ્વારા આપવામાં આવી ન હતી. જો કે કર્મચારીઓ મંજુરી ન હોવા છતાં વિરોધ કરવા આવનાર હોવાના ઈનપુટ મળતા ચાર જિલ્લામાંથી પોલીસ ગાંધીનગર બોલાવી શહેરને પોલીસ છાવણીમાં ફેરવી દીધુ હતુ.

વહેલી સવારથી ગોઠવાઈ ગયેલી પોલીસે સવારથી જ નાકાબંધી કરીને કર્મચારીઓના વાહનો સાથે તેમને ડીટેઈન કરવાની કવાયત શરૂ કરી દીધી હતી. સવારથી બપોર સુધીમાં ખુબ જ મોટી સંખ્યામાં પાટનગર આવી પહોંચેલા આંદોલનકારીઓએ પ્રચંડ વિરોધ વ્યક્ત કરી સરકારની આ નિતિ સામે અવાજ ઉઠાવ્યો હતો. જો કે સરકારે પોલીસના હાથાનો ઉપયોગ કરી એકત્ર થવા દીધા ન હતા. તેમ છતાં સવારથી બપોર સુધીમાં આંદોલનકારીઓએ પોલીસને શહેરના ખુણે ખુણે દોડાવી હતી તે વાતમાં કોઈ બે મત નથી.

સે. ૧૧ રામકથા મેદાન, ચ-૩ સર્કલ, કલેક્ટર કચેરી, શાહપુર ચોકડી, ચ-૦ સર્કલ, ઘ-૦ સર્કલ, સત્યાગ્રહ છાવણી, સિવિલ હોસ્પિટલ, સચિવાલય સામે પોઈન્ટની બસની પાસેના વિસ્તારમાં છુટા છવાયા નાના-મોટા ટોળા સાથે પહોંચેલા આંદોલનકારીઓને પકડવા પોલીસે અલગ અલગ સ્થળોએ ટીમો મોકલી હતી. બપોરે એક ટોળુ સિવિલ હોસ્પિટલમાં આવી પહોંચ્યુ હતુ અને તેમના આગેવાન વિજય સચદેવની કરવામાં આવેલી ધરપકડનો વિરોધ કરી તેમને નહીં છોડવામાં આવે તો હોસ્પિટલથી રેલી નિકાળવાની ચિમકી ઉચ્ચારી હતી. જો કે પોલીસની ટીમો પહોંચી ગઈ અને ત્યાંથી પણ તમામની અટકાયત કરી લેવાઈ હતી. અડધા કર્મચારી આંદોલનકારીઓને કરાઈ અકાદમી ખાતે અને અડધાને એસપી ઓફીસ હેડક્વાર્ટરના બેઠકમાં લઈ જવાયા હતા. ૧૫૫૧ આંદોલનકારી કર્મચારી ભાઈ-બહેનોની પોલીસે અટકાયત કરી હતી અને વિધાનસભા પુર્ણ થયા બાદ સાંજે તમામને મુક્ત કરવામાં આવ્યા હતા.

માલધારીઓની રેલી પાટનગરમાં ન પ્રવેશી

દ્વારકાથી બાઈક રેલી અડાલજ આવી અને ત્યાંથી પગપાળા રેલી ગાંધીનગર આવવા નીકળી પરંતુ પહોંચી નહી

માલધારી વિકાસ સંગઠન દ્વારા ગાય-ગૌચર બચાવો યાત્રા દ્વારકાથી નીકાળી ગાંધીનગર લવાઈ રહી હતી. બાઈક પર આવેલી રેલી અડાલજ ત્રીમંદિર પાસે પહોંચી અને ત્યાંથી ટહુકાની ચહેર અડાલજ ખાતે માલધારી યુવાનો પહોંચ્યા હતા. તેમની માંગણીઓની યાદી વાળુ આવેદનપત્ર બતાવી પોતાના બાઈક મુકીને ટહુકાની ચેહર મંદિરથી માલધારી યુવાનો પગપાળા રેલી સ્વરૂપે ગાંધીનગર આવવા નિકળ્યા ત્યારે પોલીસે પહેરો ગોઠવી દીધો હતો અને તારાપુર સુધી રેલી પહોંચી ત્યાં સુધીમાં મામલતદારને તારાપુર બોલાવી આવેદનપત્ર અપાવી માલધારીઓને શહેર બહારથી જ રવાના કરી દેવાતા આ રેલી પાટનગરમાં પ્રવેશી શકી ન હતી.

અટકાયતી આશાવર્કરનો કરાઈમાં આપઘાતનો પ્રયાસ

ગાંધીનગરના અલગ અલગ વિસ્તારમાંથી પોલીસ દ્વારા પંદરસો એકાવન આંદોલનકારી કર્મચારી ભાઈ-બહેનોની અટકાયત કરવામાં આવી હતી. જેમાં અડધા અટકાયતીઓને એસ.પી.ઓફિસ અને અડધાને કરાઈ એકેડમી લઈ જવાયા હતા. કરાઈ ખાતે અટકાયત કરીને રાખવામાં આવેલા કર્મચારીઓ પૈકી અમદાવાદની એક મહિલા આશાવર્કરે આપઘાતનો પ્રયાસ કર્યો હતો. બે માળની બિલ્ડીંગના ધાબે ચડી જઈને જો સરકાર અમારી માંગણીઓ નહિ સ્વિકારે તો ધાબેથી કુદી જવાની ચીમકી પોલીસને ઉચ્ચારી હતી. પોલીસે મહિલાને ખેંચી લઈ આપઘાત કરતા અટકાવી બચાવી લીધી હતી. મહિલાને અચાનક ચક્કર આવતા બેભાન થઈ જતાં ૧૦૮ બોલાવી હોસ્પિટલ લઈ જવી પડી હતી.

હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ

આજના દિવસે તમને સાવચેત કરું છું કે... આમને આમ સ્ત્રીભૃણ હત્યા થશે તો એક દિવસ પુરુષ જાતનો સમાવેશ પણ લુપ્ત થતી જાતિમાં આવી જશે...

બાળકોમાં વાંચન અભિગમ વધે માટે શબ્દભંડોળની પોકેટ ડાયરી બનાવાઈ

વડલીપરા પ્રા. શાળાના રમીલાબેન પટેલનો નવતર અભિગમ

ગાંધીનગર, તા. ૨૭

શબ્દ ભંડોળ સમૃદ્ધિ સાહિત્ય નિર્માણ પોકેટ ડાયરીનો એક નવતર પ્રયોગ ગાંધીનગર તાલુકાની વડલીપરા પ્રા. શાળાના શિક્ષિકા રમીલાબેન પટેલે હાથ ધર્યો છે.

૮ થી ૧૪ વર્ષની વય જૂથના બાળકો માટે શબ્દ સમૃદ્ધિ તથા કઠિન શબ્દોના વાંચનનો મહાવરો વધે તે હેતુથી તેમણે આ પ્રયોગ કરવાનો નિર્ણય લીધો હતો.

ગત વર્ષના ગુણોત્સવના પરિણામ બાદ ઉપચારાત્મક માટે સામગ્રી નિર્માણ કાર્યથી એક તબક્કો આગળ વધી આ પ્રયોગ કરાયો છે. જેમાં ધો. ૩ અને ૪ના બાળકોને સમાવવામાં આવ્યા છે.

ગુજરાતી મૂળાક્ષર મુજબ સરળ શબ્દોથી કઠીન શબ્દોનું સરળતાથી અને ઝડપથી વાંચન કરી શકે અને બાળકોમાં વાંચનની અભિરૂચિ વધે તે માટે શબ્દ ભંડોળ પોકેટ ડાયરી વિકસાવવામાં આવી છે. આ પોકેટ ડાયરી ૧ થી ૬ ભાગમાં વહેંચાયેલી છે. દરેક ભાગમાં ૧ થી ૬ પેજ છે તેમાં ૧૮૦ જેટલા શબ્દો છે. કુલ ડાયરીમાં ૧૧૪૦ શબ્દો છે. બાળક આ શબ્દોથી પરિચિત થાય છે અને દર સોમવારે ડાયરીનો ક્રમ બદલાઈ જાય છે.

આ પ્રયોગને કારણે શબ્દોનું ઝડપથી વાંચન કરતા બાળકો શીખ્યા છે. આ ઉપરાંત શબ્દોના વિરોધી અને શબ્દોના સમાનાર્થી શબ્દોના ઝડપથી જવાબો આપી રહ્યાનું મૂલ્યાંકનમાં જણાઈ આવ્યુ છે.

આ ડાયરીનો ઉપચારાત્મક કાર્ય દરમ્યાન તેનો વાંચન સાહિત્ય તરીકે પણ બાળકો ઉપયોગ કરી રહ્યા છે. વિરામના સમયમાં બાળકો આ ડાયરીનું વાંચન કરે તેવી હકારાત્મક બાબત પણ શાળાકીય મૂલ્યાંકનમાં બહાર આવી છે.

આ ડાયરીનો અભિગમ બાળકોના વાલીગણને પસંદ આવ્યો છે એટલુ જ નહિ તારાપુર પ્રાથમિક શાળાએ તો આ ડાયરીનો અમલ પણ શરૂ કરી દીધો છે.

સિંગાપોરથી ચડિયાતું ગાંધીનગર બની ગયું છે : અશોકભાઈ પટેલ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર સિંગાપોરને પણ આંટે એવું નગર બની ગયું છે. ગાંધીનગર-ઉત્તરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ આજે વિધાનસભાગૃહમાં રાજ્યપાલશ્રીના સંબોધન પરની ચર્ચામાં બોલતાં જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટીના શાસનમાં ગાંધીનગરનો સાચો વિકાસ થયો છે. ગિફ્ટસિટી અને આસપાસનો વિસ્તાર જોતાં સિંગાપોર કરતા પણ વધુ રમણીય દૃશ્યો જોવા મળી રહ્યા છે.

ધારાસભ્ય અશોકભાઈ પટેલે જણાવ્યું હતું કે, મહાત્મા મંદિર અને તેને જોડતો સિક્સલેન માર્ગ વિકસીત ગાંધીનગરનું સાચું દૃશ્ય રજૂ કરે છે. તેમણે કોંગ્રેસના તમામ સભ્યો માટે મહાત્મા મંદિરની મુલાકાત ગોઠવવા અધ્યક્ષશ્રીને રજૂઆત કરી હતી.

ગાંધીનગરમાં કર્મચારીઓ માટે રહેણાંકના ઉત્તમ પ્રકારના મકાનોનું નિર્માણ થઈ રહ્યું છે. ગાંધીનગરના ૭, ૨૯ અને ૩૦ સેક્ટરમાં નવા સાત માળના લીફ્ટ સાથેના આધુનિક મકાનોનું નિર્માણ થઈ રહ્યું છે.

સમગ્ર ગાંધીનગર ૧૮,૦૦૦ એલઈડી લાઈટ્સથી ઝગમગતુ નગર બની ગયુ છે, એમ કહીને ધારાસભ્ય અશોકભાઈ પટેલે જણાવ્યું હતું કે કોંગ્રેસના મિત્રો પણ ગાંધીનગરના વતનીઓ છે. એટલે ગાંધીનગરનો વિકાસ તેઓ પણ જોઈ જ શકે છે, પરંતુ તેઓ પોતાનો અંતરાત્માનો અવાજ કહી શકતા નથી. ગાંધીનગરનો વિકાસ થયો છે એ કોંગ્રેસના મિત્રોનું દિલ પણ કહેતુ જ હશે.

ગાંધીનગર (ઉત્તર)ના ધારાસભ્ય અશોકભાઈ પટેલ બોલી રહ્યા હતા ત્યારે ગાંધીનગર (દક્ષિણ)ના ધારાસભ્ય અને વિધાનસભાગૃહના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર અધ્યક્ષની ચેરમાં હતા. આ ઐતિહાસીક યોગાનુંયોગનું સાક્ષી આજે વિધાનસભાગૃહ બન્યું હતું.

જેસીઆઈ ગાંધીનગર દ્વારા સફળ વકતા અંગેની શિબિર યોજાઈ

વ્યકિત વિકાસના વિવિધ પાસાઓની ચર્ચા કરવામાં આવી

ગાંધીનગર, તા. ૨૭

જેસીઆઈ ગાંધીનગર દ્વારા સફળ વકતા બનવા માટેની એક શિબિરનું આયોજન સેકટર-૨૫ કલ્પતરુ લર્નિંગ સેન્ટર ખાતે તાજેતરમાં કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં ૪૦ થી વધુ સભ્યોએ લાભ લીધો હતો. આ પ્રસંગે સફળ વકતા અંગેના ખાસ ટ્રેનર દ્વારા વ્યકિત વિકાસના વિવિધ પાસાઓની ચર્ચા કરવામાં આવી હતી.

સેકટર-૨૫ કલ્પતરુ લર્નિંગ સેન્ટર ખાતે આયોજીત શિબિરમાં ઉપસ્થિત ઝોન ટ્રેનર ડો. દર્શન મોદી, અને ચૈતન્ય પટેલ દ્વારા ખુબ માહિતી સભર અને સરળ શૈલીમાં અસરકારક વકતૃત્વ, બોડી લેંગવેજ, આત્મવિશ્વાસની ખીલવણી અને વ્યકિત વિકાસના વિવિધ પાસાઓની ચર્ચા કરવામાં આવી હતી. આ શિબિરમાં જેસીઆઈ પ્રમુખ ડો. પરાગી ગાંધી સહિત પૂર્વ પ્રમુખ જશવંત ગાંધી, સંજીવ મહેતા, વલ્લભભાઈ દેસાઈ સહિત અનેક સભ્યો હાજર રહ્યા હતા. આ શિબિરને સફળ બનાવવા માટે જેસીઆઈ ગાંધીનગરની ટીમે ભારે જહેમત ઉઠાવી હતી.આ શિબિરમાં દેવાંશી વ્યાસ, કાજલ વૈષ્ણવ, અને ડિકી અગ્રવાલને બેસ્ટ પર્ફોમન્સ માટે ઈનામો એનાયત કરાયા હતા. આ સમગ્ર કાર્યક્રમના અંતે ઉપસ્થિત મહેમાનોનો આભાર દિશા દેસાઈએ વ્યકત કરીને શિબિરની પૂર્ણાહુતી કરી હતી.

‘વેલેન્ટાઈન અવેરનેસ’ સોશ્યલ મિડીયા થકી ઘરમાં ઘુસતા ‘ડિઝીટલ રોમિયો’થી ચેતો

સ્માર્ટફોનના સથવારે પાંગરતા લગ્નેતર સંબંધો કે ડિઝીટલ રોમિયોગીરી અંગે ચેતવતા અનામી પોસ્ટકાર્ડે શહેરમાં ચર્ચા જગાવી

ગાંધીનગર, તા. ૨૭

તાજેતરમાં જ વ્હોટ્સએપ પર એક મેસેજ વાંચવા મળ્યો હતો જેમાં લખ્યું હતું કે ‘પહેલાના સમયમાં ટેલિફોન વાયર સાથે જોડાયેલો હતો ત્યારે માનવી છુટ્ટો હતો પરંતુ અત્યારના યુગમાં મોબાઈલ ફોન આવ્યા પછી ફોન છુટ્ટો છે પરંતુ માનવી તેની સાથે જોડાઈ ગયો છે.’ આ સંદેશ સ્માર્ટ મોબાઈલ ફોનમાં સોશ્યલ મિડીયાના કારણે માનવી પોતાના પરિવાર અને સ્નેહીજનોથી દૂર થઈ રહ્યો છે તે અંગે ધ્યાન દોરવામાં આવ્યું છે. સ્માર્ટફોન થકી સોશ્યલ મિડીયાના સથવારે હવે લગ્નેતર સંબધોનું જોખમ વધી રહ્યું છે તે બાબતે કોઈક અજ્ઞાત વ્યક્તિ કે સંસ્થા દ્વારા ‘વેલેન્ટાઈન અવેરનેસ’ના શિર્ષક હેઠળ ઘરે ઘરે પોસ્ટકાર્ડ લખી હર્યાભર્યા સંસારના અમૃતને ‘ઝેર’ બનતુ અટકાવવા સજાગ કરવાનો પ્રયાસ હાથ ધરાયો છે, શહેરમાં અનેક નાગરિકોને આવા પોસ્ટકાર્ડ મળતા ભારે અચંબો ફેલાવા સાથે ચર્ચાનું કેન્દ્ર બન્યું છે.

ફેસબુક કે વ્હોટસએપના માધ્યમથી જુના વિખૂટા પડેલા મિત્રો ફરી મળી રહ્યાના અથવા દૂર-સૂદૂર રહેતી અજાણી વ્યક્તિઓને એકબીજા સાથે મિત્રતા કે પ્રેમ થઈ જવાના કિસ્સા તો અઢળક સંખ્યામાં સમાજમાં જોવા મળી રહ્યાં છે. આ કિસ્સાઓ સાથે સોશ્યલ મિડીયાના માધ્યમ થકી જૂના મિત્રો કે જૂના સ્નેહીજનો, પ્રેમીઓ જેઓ અત્યારે અન્ય વ્યક્તિ સાથે પોતાનો સંસાર માંડી જીવી રહ્યાં છે. તેઓ ફરી મળતા તેમની જુની અધૂરી ઈચ્છઆઓ કે સંબંધો ફરી તાજા થઈ ઉઠે અને અત્યાર સુધી સુખમય રીતે ચાલતા સાંસારિક જીવનમાં આગ ચાંપવાનું જોખમ ઉભુ થવાના સંજોગો પણ સર્જાઈ રહ્યાં છે. આમ પણ પાશ્ચાત્ય સંસ્કૃતિની અસર તળે ઉજવાતા વેલેન્ટાઈન્સ ડે તથા ફ્રેન્ડશીપ ડે વગેરે એક યા બીજી રીતે પરિણિત વ્યક્તિઓમાં લગ્નેતર સંબંધો વિકસાવવામાં પણ કારણભૂત નીવડી રહ્યાં હોવાની બૂમો ઉઠતી જ આવી છે. આ અસર સ્વચ્છતાને પોષી લગ્નેતર સંબંધો થકી ભારતીય લગ્ન સંસ્થા માટે પડકારરૂપ બની રહી છે. સોશ્યલ મિડીયા થકી આસાનીથી સંપર્કમાં આવતી વ્યક્તિઓને પોતાની લાગણીઓ પ્રદર્શિત કરવા માટે મોકળુ મેદાન સ્માર્ટ ફોન થકી મળી રહે છે જેના કારણે આજે મિત્રો, સંબંધીઓ કે સહ કર્મચારીઓમાં આસાનીથી સ્નેહસંબંધો પાંગરી રહ્યાં છે. સ્માર્ટફોનના કારણે પુરૂષો ઉપરાંત મહિલાઓ પણ આસાનીથી પોતાની લાગણીઓ વ્યક્ત કરી રમવા લાગી છે જેના કારણે લગ્નેતર સંબંધોનું જોખમ વધી જવા પામ્યું છે. આ અંગે નાગરિકોને જાગૃત કરતુ પોસ્ટકાર્ડ અભિયાન કોઈ અજ્ઞાત વ્યક્તિ કે સંસ્થા દ્વારા ચલાવાઈ રહ્યું છે જે ચર્ચાનું કેન્દ્ર બન્યું છે. આ પ્રકારની ડિઝીટલ રોમિયોગીરી કુમળા વયની બહેન-દિકરીઓને ભોળવી પ્રેમજાળમાં ફસાવવાનું કાર્ય પણ કરી રહી છે.

આમ પણ, સોશ્યલ મિડીયાના આગમન પછી માનવી સ્માર્ટ ફોનનો ઉપયોગ ઓછો અને દુરુપયોગ વધી કરી રહ્યો છે. વ્યક્તિ ઘરમાં પરિવાર સાથે ભૌતિક રીતે હાજર હોવા છતાં માનસિક રીતે પ્રત્યક્ષ નથી હોતો. ફોનનો વધુ પડતો ઉપયોગ શારિરિક નુકસાન તો કરે જ છે પરંતુ હવે તે ‘ટાઈમ કીલર’ બની સુખી પરિવારને પણ કોતરી રહ્યો છે. કારણ કે તેની સાથે જોડાયેલ વ્યક્તિ પરિવારને પ્રત્યક્ષ સમય આપવાને બદલે સોશ્યલ મિડીયા પરના મિત્રને પરોક્ષ રીતે સમય આપી પોતાની બરબાદીને નોંતરી રહ્યો છે.



રૂપાલની વિદ્યાર્થીની ઉતીર્ણ

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાત રાજય પરીક્ષા બોર્ડ દ્વારા લેવામાં આવતી નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપની પરિક્ષામાં રૂપાલ પ્રાથમિક કન્યા શાળામાં અભ્યાસ કરતી ધો-૮ની વિદ્યાર્થીની ગારાસીયા બાબાલીબેન સોહનભાઈ પાસ થઈ મેરીટમાં સ્થાન મેળવ્યું છે. આ સ્કોલરશીપ મેરીટમાં સ્થાન મેળવવા બદલ રૂપાલ ગામના ઉપસરપંચ નયનાબેન વિનુજી ઠાકોર દ્વારા વિદ્યાર્થીનીનું સ્વાગત કરવામાં આવ્યું હતું.ઉપરાંત ગત્ વર્ષે આ શાળાની વિદ્યાર્થીની નાયક રેખાબેન લાલજીભાઈએ પણ આ સ્કોલરશીપ પરિક્ષામાં પાસ થઈ મેરીટમાં સ્થાન મેળવવા બદલ બંન્ને વિદ્યાર્થીનીઓનું શાળાના આચાર્ય અલકાબેન વાલમીયા તથા સમગ્ર શાળા પરિવાર દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

રાષ્ટ્રીય હિત રક્ષક સમિતિ દ્વારા બુધવારના રોજ સત્યાગ્રહ છાવણી ખાતે ધરણા યોજાશે

ગાંધીનગર, તા. ૨૭

કેરલમાં માર્કસવાદીઓ દ્વારા હિન્દુઓ પર આતંક ફેલાવવામાં આવે છે. ત્યાંની માર્કસવાદી સરકાર મુક પ્રેક્ષક બનીને આ અત્યાચાર જોયા કરે છે. પોલીસ તંત્ર પણ જાણે સરકારનો જ એક ભાગ હોય તે રીતે ન્યાયી રીતે વર્તવાને બદલે આંખ આડા કાન કરે છે. વ્યવસ્થિત કાવતરાના ભાગરુપે આવી યોજના બને છે. નિર્દોષ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના કાર્યકર્તાઓના સરેઆમ ખુન થાય છે. ઘર સળગાવી મુકવાના કિસ્સા બનવા પામ્યા છે. વર્ષ ૨૦૧૫માં સીપીએમની સરકાર આવ્યા બાદ આવી અનેક ઘટનાઓ બની છે. ત્યારે રાષ્ટ્રીય હિત રક્ષક સમિતિ દ્વારા આગામી તા. ૧લી માર્ચના રોજ ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે ૫૦૦ નાગરીકોનો ધરણાનો કાર્યક્રમ આપશે.કેન્દ્ર સરકાર સુધી નાગરીકોનો અવાજ પહોંચે તેવા શુભ આશયથી સમગ્ર દેશ અને ગુજરાતમાં દરેક જિલ્લા મથકે સવારે ૯ થી ૧૦.૩૦ કલાકે ધરણા યોજાશે. તેમજ સંસ્થાના સભ્યો દ્વારા કલેકટરને આવેદનપત્ર પાઠવી રજુઆત કરશે. તેમ સંસ્થાના પ્રમુખ રામચંદ્ર પટેલે જણાવ્યુ છે.

ટેન્ડર કમ જાહેર હરાજી

વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની મારૂતિ એસ્ટીમ કાર નં. જીજે-૧૮-જી-૧૧૭૩ અને ટાટા સુમો કાર નં. જીજે-૧૮-જી-૧૧૭૪ જેની અપસેટ કિંમત અનુક્રમે રૂ. ૨૫,૦૦૦/- અને ૪૫,૦૦૦/- નિયત થયેલ છે. તેનો ટેન્ડર કમ હરાજીથી નિકાલ કરવા માટે ભાવપત્રક અનુક્રમે રૂ. ૨,૫૦૦/- અને રૂ. ૪,૫૦૦/- મુજબ રાષ્ટ્રીયકૃત બેંકના ડ્રાફ્ટ / ફીક્સ ડીપોઝીટ રસીદ સાથે સીલબંધ કવરમાં તા. ૬/૩/૨૦૧૭ સુધીમાં ઉપસચિવશ્રી (મહેકમ) વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, બ્લોક નં. ૭/ પમો માળ, સચિવાલય, ગાંધીનગર. ટે.નં. ૨૩૨૫૦૪૬૪ને મોકલી આપવા જણાવવામાં આવે છે. નક્કી કરવામાં આવેલ તળિયાની કિંમત (Up Set Price)થી ઓછી કિંમતના ટેન્ડર લક્ષમાં લેવામાં આવશે નહીં. આ વાહનની જાહેર હરાજી જે વ્યક્તિ / પાર્ટીએ ભાવપત્રકો સાથે બાનાની રકમ ભરેલ હશે તેમની હરાજીમાં ટેન્ડર ખોલી આ વિભાગના કમિટી રૂમમાં તા. ૯/૩/૨૦૧૭ના રોજ ૧૨.૦૦ કલાકે યોજવામાં આવશે. હરાજીની શરતો આ વિભાગની વેબસાઈટ www.dst.gujarat.gov.in પર મુકવામાં આવેલ છે.

સહી/-
(વિ. એમ. વસાવા)
ઉપસચિવ
વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ

માહિતી/૨૮૪૫/૧૬-૧૭

સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ
(ગુજરાત સરકારની સંપૂર્ણ માલિકીનું સાહસ)
જાહેર નિવિદા નં. ૧૭ સને ૨૦૧૬-૧૭

આથી રસ ધરાવતા તથા નીચે જણાવેલ કામના અનુભવી ઈસમો પાસેથી કાર્યપાલક ઈજનેરશ્રી, નર્મદા યોજના મુખ્ય નહેર વિભાગ નં. ૨, બ્લોક નં. ૯, ૮મો માળ, નવા સચિવાલય, ગાંધીનગર-૩૮૨૦૧૦ ફોન નં. ૨૩૨-૫૨૧૧૩ તરફથી નીચેના કામ માટે સ્પર્ધાત્મક ભાવો મંગાવવામાં આવે છે.

કોરા ભાવપત્રકો આપવાની છેલ્લી તા. ૧૬/૩/૨૦૧૭ રાખવામાં આવેલ છે. ભરેલા ભાવપત્રકો રજીસ્ટર પોસ્ટ એ.ડી. / સ્પીડ પોસ્ટથી તા. ૨૩/૩/૨૦૧૭ના રોજ ૧૮.૦૦ કલાક સુધી સ્વીકારવામાં આવશે. ત્યારબાદ આવેલ ભાવપત્રકો સ્વીકારવામાં આવશે નહી કે ધ્યાને લેવામાં આવશે નહીં. શક્ય હશે તો તા. ૨૪/૩/૨૦૧૭ના રોજ ભાવપત્રકો ૧૨.૦૦ કલાકે હાજર રહેલ ઈસમોની હાજરીમાં ખોલવામાં આવશે. અન્યથા તે પછીના કામકાજના દિવસે ખોલવામાં આવશે.

અ. નં.	કામની વિગત	૧. બાનાની રકમ ૨. ટેન્ડર ફી
૧	ઝેરોક્ષ અંગેનું કામકાજ	૧. રૂ. ૪૦૦૦/- ૨. રૂ. ૬૦૦/-
૨.	કોમ્પ્યુટર અંગેનું કામકાજ	૧. રૂ. ૪૦૦૦/- ૨. રૂ. ૬૦૦/-

નોંધ : કોરા ભાવપત્રકો કચેરીના કામકાજના સમય દરમિયાન લેટરપેડ ઉપર લેખિત માંગણી અને દસ્તાવેજી પુરાવા જેવા કે હયાત ઈન્કમટેક્ષ પાન એકાઉન્ટ નંબરની પ્રમાણિત નકલ અને છેલ્લા વર્ષનું ઈન્કમટેક્ષ રીટર્ન ફાઈલ કર્યા બાબતના પ્રમાણિત પુરાવાની તથા સરકારી કચેરી કામ કર્યા અંગેનો પ્રમાણિત પુરાવો નકલો સામેલ રાખવાની રહેશે. અને રોકડેથી ટેન્ડર ફી ભર્યેથી ટેન્ડર કોપી આપવામાં આવશે.

‘‘જળ બચાવો જીવન બચાવો’’ માહિતી/૨૮૩૯/૧૬-૧૭